## પાલનપુર તાલુકાના માલણ મુકામે
# મુખ્યમંત્રીના હસ્તે પ્રાથમિક શાળાના નવિન ભવનનું લોકાર્પણ

પાલનપુર, તા. ૨૮

પાલનપુર તાલુકાના માલણ ખાતે રૂ.૨.૨૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ શ્રીમતી એન.સી.શાહ અને શ્રીમતી એમ.એ.સોની પ્રાથમિક શાળાના નવિન બિલ્ડીંગનું મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ?યમંત્રીશ્રીએ દાતાઓને અભિનંદન પાઠવી બિરદાવતાં જણાવ્યું કે માણસે પોતે સાચવેલી લક્ષ?મીનો ઉપયોગ બીજા માટે કરે છે ત્યારે તે ધનવાન કહેવાય છે. વિદ્યાદાન એ શ્રેષ?ઠદાન છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સમાજ અને રાષ્ટ્ર માટે સંપત્તિ સમર્પિત કરનાર દાતાઓ ભામાશા છે. તેમણે કહ્યું કે લક્ષ?મી અને સરસ્વતી દેવીનો સમન્વય થાય ત્યારે સમાજસેવાના પ્રેરણાદાયી કામો થાય છે. સમાજના સુખે સુખી અને સમાજના દુ:ખે દુ:ખી એ ભાવથી સમર્પણ કરવાથી જીવનની સાચી દિશા મળે છે એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ભગવાન મહાવીર રાજવી પરિવારમાંથી હોવા છતાં બધો જ ત્યાગ કરી જીવન સમર્પિત કર્યુ હતું. માલણ શાળાના નવિન ભવન માટે દાતાઓને



બિરદાવતાં તેમણે કહ્યું કે અહીં નિર્માણ પામેલ શાળામાં બાળકો સંસ્કારો સાથે શિક્ષણ મેળવી જીવનમાં આગળ વધશે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જંગી જનમેદનીને સંબોધન કરતાં જણાવ્યું કે રાજય સરકારે શિક્ષણને પુરતુ મહત્વ આપી આ વરસે બજેટમાં રૂ.૨૭,૦૦૦ કરોડની જંગી રકમની જોગવાઈ કરી છે. જેનાથી રાજયમાં શિક્ષણની વધુ સુવિધાઓ ઉપલબ્ધ બનાવાશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ગરીબો, વંચિતો અને મા કે બાપ વિહોણા બાળકોની ચિંતા રાજય સરકાર કરી ઉદાર સહયોગ આપે છે. તેમણે કહ્યું કે સરકારી શાળાઓ ખાનગી સ્કુલોને ટક્કર મારે તેવી બનાવવામાં આવી રહી છે. સરકારી શાળાઓમાં તમામ સુવિધાઓ ઈન્ટરનેટ વગેરેથી સજ્જ બને અને ટી.વી. સ્ક્રીન ઉપર જોઈને રસપૂર્વક બાળકો ભણે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૫,૦૦૦ અને આ વર્ષે ૧૦,૦૦૦ મળી કુલ ૧૫,૦૦૦ વર્ચ્યુઅલ કલાસ બનાવાયા છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણ માટે શરૂ કરેલ વિવિધ અભિયાનોને લીધે રાજયમાં ડ્રોપ આઉટ રેશીયો નામશેષ થયો છે તેમજ શિક્ષણ ક્ષેત્રે આમૂલ પરિવર્તન આવ્યું છે. તેમણે કહ્યું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિકરીઓને ભણાવવા સમાજ સામે ભિક્ષુક બની ભીક્ષામાં દિકરીઓને ભણાવવા વચનની માંગણી કરી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે ભારતમાતાને દુર્ગા જેવી શક્તિશાળી, લક્ષ?મી જેવી સમૃદ્ધ, અન્નપૂર્ણા જેવી જીવનદાતા અને સરસ્વતી જેવી જ્ઞાનપૂંજ બને તે તે માટે આપણે સૌ કટીબદ્ધ બનીએ.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે શિક્ષણથી જ વિકાસ થાય છે. શિક્ષણથી જ સુખ-સમૃદ્ધિ મળે છે ત્યારે છેવાડાના વિસ્તારો સુધી શિક્ષણની સુવિધાઓ પહોંચાડવા રાજય સરકાર મક્કમ રીતે સક્રિય અને સંકલ્પબદ્ધ છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે ઉમેરાયું ફુલોના મેઘધનુષી રંગોનું નજરાણું : વેલી ઓફ ફ્લાવર્સ



ગાંધીનગર, તા. ૨૮

સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનિટીના આકર્ષણનું કેન્દ્ર વેલી ઓફ ફ્લાવર્સ પણ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની બન્ને તરફ નર્મદા નદીના કિનારે ૧૭ કી.મી. વિસ્તારને વિવિધ પ્રજાતિના રંગબેરંગી ફુલોથી ખુશનુમા બનાવવાનો આ પ્રોજેક્ટ ફુલોની વૈશ્વિક પ્રજાતિ સાથે આપણા પરંપરાગત ફુલોના સૌંદર્યને પણ રજૂ કરે છે.

આ પ્રોજેકટ અંતર્ગત ઉંચાઇ ધરાવતા વૃક્ષોના ફુલોની જાત પૈકી ગરમાળો (પીળો અને લાલ), ચંપો (સફેદ), ખાખરો (લાલ), પોંગારો (લાલ), છોડની જાત પૈકી ગલતોરા (લાલ અને પીળા), ટેકોમા (પીળા), બોગનવેલીયા (સફેદ, લાલ, પીળા, ગુલાબી), નેરીયમ તેમજ વેલાની જાતો પૈકી કવોલીસીસ, વડેલીયા, આલામન્ડા કેર્થટીકા અને વાંસ તથા ઘાસની રંગીન પ્રજાતિ ઉપરાંત બારમાસી ફુલો જેવા કે ગલગોટા, કેન્ડુલા, સુર્યમુખી તેમજ વીન્કા જેવા વિવિધ રંગના ફુલો ધરાવતા ૧૦૦થી વધુ પ્રજાતિના વૃક્ષો, વેલા, ઘાસ તથા ધરૂનુ વાવેતર કરવામાં આવ્યું છે.

## વિચરતી વિમુકત જાતિના સર્વાંગી વિકાસ માટે
# ગાંધીનગર ખાતે એક દિવસીય શિબિર યોજાઈ





ગાંધીનગર, તા. ૨૮

વિચરતી વિમુકત જાતિ મહાસંઘ, ગુજરાતના તત્વધાનમાં ગુજરાતની ૪૦ જાતિઓના સર્વાંગી વિકાસના મનોમંથન માટે આજરોજ ગાંધીનગરના ટાઉનહોલ ખાતે સમાજના કર્મઠ કાર્યકરો, આગેવાનો અને અધિકારીઓનો એક દિવસીય શિબિર યોજાઇ હતી. આ શિબિરને રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લી મુકવામાં આવી હતી.

આ શિબિરમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨૮ વિચરતી અને ૧૨ વિમુક્ત જાતિ મળી કુલ- ૪૦ જાતિઓનો વિચરતી વિમુક્ત જાતિમાં સમાવિષ્ટ થાય છે. આ સમાજના લોકો ખમીરવંતા છે. તેઓ પર મા સરસ્વતીની કૃપા છે. જેથી આ જાતિ પાસે અનેક કલા-કળાઓ હોવાથી પોતાનું ગુજરાન ચલાવે છે. આ સમાજને પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે સરકાર કટિબધ્ધ છે, તેવું કહી મંત્રીશ્રીએ સર્વ સમાજના અગ્રણીઓને સમાજના તમામ બાળકને શિક્ષણ મળે તે દિશામાં નક્કર આયોજન કરવા પણ ભારપૂર્વક જણાવ્યું હતું. આ સમાજમાં શિક્ષણ વધશે, તો કેવું પરિવર્તન આવશે, તેની પણ દષ્ટાંત પૂર્વક વાત કરી હતી. તેમણે આ સમાજમાં શિક્ષણ વધે તે માટે રાજય સરકારે અમલી બનાવેલ વિવિધ યોજનાઓની વિસ્તૃત વાત કરીને આંકડાકીય વિગત આપી હતી. તે ઉપરાંત સમાજના યુવા વર્ગને પગભર બનાવવા માટેની અને વિદેશ અભ્યાસ સુધીની વિવિધ યોજનાઓની પણ જાણકારી આપી હતી.

આ પ્રસંગે શિબિરના અધ્યક્ષ અને વિચરતી વિમુકત જાતિ આયોગ, ભારત સરકારના પૂર્વ અધ્યક્ષ ભીકુ ઈદાતે, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, ગુજરાત પ્રાંતના પ્રાંત પ્રચારક શ્રી ચિંતન ઉપાધ્યાય, શ્રી વિચરતી જાતિ વિકાસ નિગમ, ગુજરાત રાજયના અધ્ય શ્રી લક્ષ્મણભાઈ પટણીએ પોતાની આગવી શૈલીમાં પ્રાસાંગિક પ્રવચન આપ્યા હતા.

# નારાયણી હાઈટ્સ ખાતે બે દિવસીય દિવાલી મેલો



ગાંધીનગર, તા. ૨૮

દિવાળીનો તહેવાર આવતા જ બજારમાં ચહલપહલ જોવા મળી રહી છે અને ચોતરફ સેલ, શોપીંગ મેલા, દિવાળી એક્ઝિબીશનની મૌસમ જામી છે. ગાંધીનગર પાસેના ભાટ ખાતે સ્થિત નારાયણી હાઈટ્સ ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે બે દિવસીય 'દિવાળી મેલા'નું આયોજન કરાયું છે જેનો આજથી શુભારંભ થયો હતો.

નારાયણી ક્લબ દ્વારા વિવિધ સામાજિક અને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજવામાં આવે છે. જે અંતર્ગત કુટીર ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે ગ્રામીણ અને શહેરી વ્યવસાયલક્ષી સંયોજન સાથે બે દિવસીય ગાલા દિવાળી મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી સાંજના ૮ સુધી ચાલનાર આ દિવાળી મેલામાં મહિલાઓ દ્વારા સામાજિક જીવનમાં કુશળતા તથા સ્વનિર્ભરતાના પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો હેતુ કેન્દ્રમાં રાખવામાં આવ્યો છે. ગાલા દિવાળી મેલામાં પ્રદર્શનકર્તાઓ દ્વારા ભાતીગળ વસ્ત્રો, ગિફ્ટ આર્ટિકલ્સ, ગૃહ સુશોભનની ચીજવસ્તુઓ ઉપરાંત ડિઝાઈનર દિવડાં તથા મીણબત્તીઓ, કુર્તિઝ, ડ્રેસ મટિરિયલન્સ, હસ્તકળાની ચીજવસ્તુઓ વગેરેનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે અહી મહેંદી તથા નેઈલ આર્ટની વિના મૂલ્યે સેવા આપતા સ્ટોલ્સ પણ જોવા મળે છે. ગાલા દિવાલી મેલામાં સતત રેલાતુ સંગીત મુલાકાતીઓને આનંદ માટેના વિવિધ આકર્ષણો તથા ફુડ સ્ટોલ્સ વગેરેના કારણે આ ઈવેન્ટ કાર્નિવલ સમી સાબિત થઈ રહી છે.

# સિંચાઈ કાંડમાં કોંગ્રેસી સભ્ય સાબરિયાની પૂછપરછ કરાઈ

## સમગ્ર કૌભાંડમાં આવનાર દિવસોમાં ચોંકાવનારા ખુલાસા થવાની અને કેટલીક નવી ધરપકડ થવાની પ્રબળ શક્યતા

અમદાવાદ, તા.૨૮

મોરબી જીલ્લામાં કરોડો રૂપિયાનું સિંચાઈ કોભાંડ પ્રકાશમાં આવ્યા બાદ છેલ્લા એકાદ મહિનાથી અનેક આગેવાનો ધરપકડથી બચવા માટે દોડધામ કરી રહ્યા છે ત્યારે આજે સિંચાઈ કૌભાંડની તપાસ ચલાવતી સ્થાનિક એ ડીવીઝન પોલીસની ટીમે હળવદના કોંગ્રેસના ધારાસભ્ય પરસોત્તમ સાબરિયાને પૂછપરછ માટે બોલાવતા સ્થાનિક રાજકારણ ફરી ગરમાયું છે. બીજીબાજુ, આ સમગ્ર કૌભાંડમાં આવનારા દિવસોમાં હજુ ચોંકાવનારા ખુલાસાઓ થવાની અને નવી ધરપકડો થવાની શકયતાઓ પણ બળવત્તર બની છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મોરબી જીલ્લામાં નાની સિંચાઈ યોજના અંતર્ગત હળવદ, માળીયા, મોરબી સહિતના તાલુકાઓમાં તળાવ ઊંડા ઉતારવા અને તળાવના રીનોવેશન કરવાના નામે મોરબી જિલ્લાના તત્કાલીન કાર્યપાલક ઈજનેર અને તેના મળતિયા કન્સલ્ટિંગ એજન્સીના માલીક દ્વારા ખોટા અંદાજો અને નકશા બનાવી સરકારને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડવામાં આવતા આ મામલે સાંસદ દ્વારા ફરીયાદ કરવામાં આવી હતી અને બાદમાં રાજ્ય સરકારની ટીમોએ કરેલી તપાસમાં ભ્રષ્ટાચારનો ખુલાસો થયો હતો.

આ ફરિયાદ બાદ નિવૃત મદદનીશ ઈજનેર સહીત કુલ ચાર લોકોની અટકાયત કરવામાં આવી હતી. એ-ડીવિઝન પોલીસે તપાસ શરૂ કરી ચાર આરોપીઓને ઝડપી લઈ કૌભાંડના મૂળ સુધી પહોંચવા ૧૨ થી વધુ ગામોમાં સ્થળ તપાસ પણ કરી હતી. જેમાં ગત મોડી રાત્રે હળવદના ધારાસભ્ય પરસોતમ સાબરીયા અને તેમના નજીકના સાથીદારને મોરબી લાવી પૂછપરછ કરવામાં આવી છે. કોંગ્રેસી ધારાસભ્યની પૂછપરછને પગલે મોરબીના ધારાસભ્ય બ્રિજેશભાઈ મેરજા સહિતના કોંગ્રેસના ધારાસભ્યો પહોંચી ગયા હતા તો જીલ્લા એસપી વાઘેલા પણ એ ડીવીઝન પોલીસ મથકે હાજર રહ્યા હતા અને સઘન પૂછપરછ પર ધ્યાન આપ્યું હતું. જોકે ધરપકડ અંગે પોલીસ દ્વારા સત્તાવાર કોઈ માહિતી આપવામાં આવી નથી અને સિંચાઈ કૌભાંડમાં પૂછપરછ માટે ધારાસભ્ય સાબરીયાને બોલાવ્યા હોવાનું જણાવ્યું હતું.

# વાલિયામાં વીજ કરંટથી દીપડી - બે મોરનાં મોત

## ખેતરમાં બનેલા બનાવને પગલે વન્યજીવ પ્રેમીઓમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી

અમદાવાદ, તા.૨૮

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના મોખડી ગામ નજીક એક ખેતરમાં મોરનો શિકાર કરવા આવેલ દીપડીને વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે દિપડીની સાથે બે મોરને પણ વીજ કરંટ લાગતા તેમના પણ મોત નિપજતા સ્થાનિક વનવિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ, વન્યજીવ પ્રેમીઓમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, વાલિયા તાલુકાના મોખડી ગામની સીમમાં હરેન્દ્ર વાસદિયાના ખેતરમાં એક દીપડી શિકારની શોધમાં આવી ચઢી હતી.દરમિયાન દીપડીએ મોરનો શિકાર કરવા તેના ઉપર તરાપ મારતા મોર અને દિપડી બંન્નેવને હાઈવોલ્ટેજ ડીપીનો વીજ કરંટ લગતા ઘટના સ્થળે જ મોર અને દીપડીનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં અન્ય એક મોરને પણ વીજ કરંટ લાગતા તે પણ મોતને ભેટ્યો હતો. આ બનાવની જાણ મોખડી ગામમાં થતા ઘટના સ્થળે ગ્રામજનોના ટોળા ઉમટી પડ્યા હતા. આ ઘટના અંગે નેત્રંગ વન વિભાગમાં જાણ કરતા વન વિભાગની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આવી હતી. વન વિભાગ દ્વારા તપાસ કરતા મરણ જનાર દીપડી આશરે ચારથી પાંચ વર્ષની હોવાનું માલુમ પડ્યું હતું. વન વિભાગે મૃત દીપડી અને બે મોરના મૃતદેહને નેત્રંગ વન વિભાગની કચેરી ખાતે લઈ જઈ તેમનું વેટરનરી ડોકટર પાસે પોસ્ટ મોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને પગલે વન્યજીવ પ્રેમીઓમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરેલી જોવા મળી હતી.

# રાજપુર પોલીસ ચોકીથી હુસેની ચોક સુધી રોડ બનાવવામાં પાલિકાના અખાડા : સ્થાનિક રહીશો પરેશાન

ડીસા

બનાસકાંઠાના ડીસા શહેરના રાજપુર વિસ્તારની પોલીસચોકીથી હુસેની ચોક સુધીનો માર્ગ છેલ્લા ૩૦ વર્ષથી ખખડધજ બની ગયો છે છતાં પાલિકા તંત્ર આ માર્ગના નવીનીકરણમાં વિલંબનીતિ અપનાવી રહ્યું હોઈ વાહન ચાલકો તથા સ્થાનિક રહીશો હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે.અને આ મામલે નઘરોળ પાલિકા તંત્ર સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ડીસા શહેરમાં રાજપુર પોલીસચોકીથી લોધવાસ અને અખખર ચોક થઇ હુસેની ચોક સુધીનો માર્ગનું છેલ્લા ૩૦ વર્ષથી નવીનીકરણ કરાયું નથી જેથી વાહનચાલકો તેમજ આ વિસ્તારના રહીશો ભારે પરેશાની વેઠી રહ્યાં છે. હાલ સારા રોડના અભાવે આ વિસ્તારમાં ધૂળ ઊડતી હોઈ લોકો શ્વાસની બીમારીમાં



સપડાઈ રહ્યા છે.આ મામલે સ્થાનિક જાગૃત નાગરિકોએ વારંવાર નગરપાલિકામાં રજૂઆતો કરી હોવા છતાં કોઈ પગલાં ભરાતા નથી જયારે અંગોટિયા વિસ્તારમાં પાલિકાએ બનાવેલ રોડ પણ ટૂંકા ગાળામાં જ તૂટી ગયો છે.આ રોડના નિર્માણમાં કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાવાળું કામ થયું હોવાનું બુમરાણ ઉઠવા પામી છે અને નગરપાલિકા પ્રમુખ આ બંને માર્ગોનું વિનવિલંબે નવીનીકરણ કરાવી લોકોને પડતી તકલીફો દૂર કરાવે તેવી માંગણી ઉઠી રહી છે.

## સુનાવણી
● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાગ નથી. આવી સ્થિતિમાં આ ચુકાદાને ફરી એકવાર ધ્યાનથી જોવાની જરૂર દેખાઈ રહી છે જેથી આ મામલાને પહેલા બંધારણીય બેંચને મોકલવાની રજૂઆત કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં અગાઉ કહ્યું હતું કે, મામલાને બંધારણીય બેંચને મોકલવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં હવે મુખ્ય મુદ્દા ઉપર આવતીકાલથી સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટે બહુમતિ સાથે કહ્યું હતું કે, મામલાના પુરાવાના આધાર પર પરીક્ષણ કરવામાં આવશે. ધાર્મિક મહત્વના આધાર પર પરીક્ષણ કરવામાં આવશે નહીં. રામલલ્લા વિરાજમાન તરફથી એડવોકેટ ઓનરેકોર્ડ વિષ્ણુ જૈનનું કહેવું છે કે, આવતીકાલે સોમવારના દિવસે સુનાવણીની રુપરેખા શું રખાશે તે અંગે નિર્ણય લેવામાં આવશે. હિન્દુ અને મુસ્લિમ પાર્ટીઓ વચ્ચે માલિકીના મુદ્દે સદીઓ જુના વિવાદ ઉપર હવે સુનાવણી હવે આવતીકાલથી શરૂ થવા જઈ રહી છે. અયોધ્યામાં રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ ખાતે ૨.૭૭ એકર જમીન ઉપર માલિકીને લઈને હિન્દુ અને મુસ્લિમ સમુદાયના લોકો વચ્ચે સદીઓથી વિવાદ જારી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો જેની સામે સતત અરજીઓ કરવામાં આવી ચુકી છે. અલ્હાબાદ હાઈકોર્ટે વર્ષ ૨૦૧૦માં ઐતિહાસિક ચુકાદો આપતા વિવાદાસ્પદ જમીનને ત્રણ ભાગોમાં વિભાજિત કરી હતી જેમાં રામલલ્લા, સુન્ની વક્ફ બોર્ડ અને નિરમોહી અખાડા વચ્ચે જમીન વિભાજિત કરી હતી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં આ મામલાની સુનાવણી આવતીકાલથી શરૂ થશે.

તત્કાલિન સીજેઆઈ દિપક મિશ્રા, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસ અબ્દુલનઝીરની બેંચે છેલ્લા ચુકાદામાં સાત વર્ષ જુની અરજી પર વહેલીતકે સુનાવણી આડેની અડચણોને દૂર કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને આ અરજી દાખલ કરવામાં આવી હતી. સાથે સાથે પેન્ડિંગ અરજીઓને પાંચ જજની બેંચ સમક્ષ મોકલી દેવાની મુસ્લિમ પાર્ટીઓની અપીલને પણ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. બહુમતિ સાથે ચુકાદો આવ્યો હતો. આવતીકાલે સુનાવણી શરૂ થયા બાદ આ સુનાવણી મારફતે અયોધ્યામાં રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ સ્થળે જમીનની માલિકીના મુદ્દે ફેંસલો કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે પાંચ સભ્યોની બેંચના મસ્જિદમાં નમાઝ ઈસ્લામ માટે ફરજિયાત નહીં ગણાવવાના અગાઉના ચુકાદાને યોગ્ય ઠેરવીને આને મોટી બેંચને સોંપવાનો ઈન્કાર કરી દીધો હતો. મસ્જિદમાં નમાઝને લઈને સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે અયોધ્યા જમીન વિવાદ કેસને પાંચ જજની બેંચને સોંપવાનો સાફ શબ્દોમાં ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપતી વેળા કેટલાક તારણો પણ રજૂ કર્યા હતા. તત્કાલિન ચીફ જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ અશોક ભુષણે ૨-૧ની બહુમતિથી આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતી વેળા કેટલીક રજૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટના અગાઉના ચુકાદાને મોટી બેંચને મોકલી દેવાની માંગ ફગાવી દેવામાં આવી હતી.

## શિન્ઝો આબે
● અનુસંધાન પહેલાનું ચાલુ

સંબંધોને વધુ મજબૂત બનાવાની દિશામાં કામ કરવા ઈચ્છુક છે. આબે એ કહ્યું કે જે દિવસે મુંબઇ અને અમદાવાદની વચ્ચે બુલેટ ટ્રેન દોડશે તે દિવસ ભારત-જાપાનની મિત્રતાને ચમકાવતો સંકેત હશે.

મોદીને ભારતના ઉત્કૃષ્ટ નેતા ગણાવતા આબે એ કહ્યું કે તેમનું હંમેશા માનવું છે કે જાપાન અને ભારતના સંબંધમાં દુનિયાને ઘણું બધું આપી શકવાની ક્ષમતા છે. આપને જણાવી દઈએ કે પીએમ મોદી જાપાનની બે દિવસની મુલાકાત પર છે. જાપાનના પીએમ શિન્ઝો આબે એ આ સંદર્ભમાં આ વાતો કહી છે. આબે એ કહ્યું કે જાપાન અને ભારતની વચ્ચે સુરક્ષા, રોકાણ, આઈટી, કૃષિ, સ્વાસ્થ્ય, પર્યાવરણ અને પર્યટન જેવા ક્ષેત્રોમાં સહયોગને વધુ આગળ વધારશે.

આબે એ કહ્યું કે જાપાન ભારતના આર્થિક વિકાસ અને પીએમ મોદીના મેક ઈન ઈન્ડિયા પ્રયાસને પોતાનું સમર્થન આપવા માટે પ્રતિબધ્ધ છે. આબે એ કહ્યું કે આપણે બધા ક્ષેત્રોમાં સારી સ્થિતિમાં છીએ અને જાપાન ભારતની આર્થિક વૃદ્ધિ અને તેની (જાપાનની) વિશ્વ અગ્રણી ટેકનોલોજીનો ઉપયોગ કરી હાઈ-સ્પીડ રેલ, ભૂમિગત માર્ગો અને અન્ય અવસંરચનાઓના માધ્યમથી પીએમ નરેન્દ્ર મોદીની મેક-ઈન ઈન્ડિયા પહેલને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

આબે એ કહ્યું કે જે દિવસે સહયોગના માધ્યમથી જાપાની શિંકનસેન બુલેટ ટ્રેનો મુંબઈથી અમદાવાદની વચ્ચે દોડશે તે દિવસ ભારત-જાપાનની ભવિષ્યમાં મિત્રતાનો ચમકતો સંકેત હશે. જાપાની નેતાના સંદેશમાં કહ્યું ગઈકાલથી જાપાનની મુલાકાત પર આવેલા વડાપ્રધાન મોદી મારા સૌથી વિશ્વાસપાત્ર મિત્રોમાંથી એક છે. આખી જાપાન સરકારની તરફથી તેમનું ઉષ્માભેરક સ્વાગત કરવાનું મારું સૌભાગ્ય છે.

## નિધન
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'આસ્વાદ' અને 'મેરે સચ્ચે મોતી' નામના પુસ્તકો પણ તેમણે આપ્યા હતા. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધા સાથે પણ તેઓ સંકળાયેલા હતા અને ગાંધીનગરમાં વિવિધ હિન્દીની પરીક્ષાઓનું સફળ સંચાલન પણ તેમણે કર્યું હતું. ૨૮ ઓક્ટો.ના રોજ તેમના દ્વારા સંપાદિત પુસ્તક 'મેરે સચ્ચે મોતી'નું સેંટ ઝેવિયર્સ સે. ૮ ખાતે વિમોચન કર્યુ હતુ એ જ દિવસે તેમણે મહાપ્રયાણ કરતાં પૂર્વ વિદ્યાર્થીઓમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. હજુ ગત સપ્તાહે જ તેમણે પૂર્વ વિદ્યાર્થીઓ સાથે એક નાનકડો મિલન સમારોહ રાખ્યો હતો અને વિદ્યાર્થીઓને કહ્યુ હતુ કે પરિવારના સભ્યો નહિ પણ તમે તોફાનીઓ સીધા ઉભા રહી ફોટા પડાવો.

## અતિતની આજ
● ચોથા પાનાનું ચાલું

કેદી પોતાના ઘઉંના રોટલા આપવા ચાહે ત્યારે સ્વમાની સરદાર એ લે તો સરદાર નહીં. કેદીઓ સાથે માનવતાભર્યો વ્યવહાર કરે. 'લીમડાના સુંદર ઝાડમાંથી વૉર્ડરે દાતણ કાપી આપ્યું એટલે દાતણ કર્યું.' (૮-૩-'૩૦)

'મેં જેલ મેન્યુઅલ અને રૂલ્સની માગણી કરી. રૂલ્સ પ્રમાણે તે ન આપી શકાય એવો જવાબ મળ્યો. મેં કહ્યું કે તો પછી મારે લડવાનો વિચાર કરવો રહ્યો. ચોપડીઓમાં મને ભગવદ્ ગીતા અને તુલસી રામાયણ આપવામાં આવ્યાં. એટલે બધી જ સગવડ મળી ગઈ એમ કહું તો ચાલે.' (૮-૩-'૩૦)

'આખો દિવસ ઊંઘવામાં જ કાઢ્યો. રવિવારે ત્રણ વાગ્યાથી કોટડીમાં પૂરવામાં આવ્યા. બીજા દિવસોએ તો પાંચ - સાડા પાંચ વાગ્યે પૂરે. સવારમાં સાડા છ વાગ્યે બહાર કાઢે... બે દિવસે નાહ્યો. દાંત બે બાજુના ગયેલા હોવાથી પાણીમાં પલાળ્યા સિવાય ખાઈ શકાતું નહોતું.' (૯-૩-'૩૦, રવિવાર)

'બપોરના મહાદેવ (દેસાઈ) અને કૃપાલાની મળવા આવ્યા. જેલના રેંટિયા ઉપર સૂતરને વળ દેવાનું શરૂ કર્યું.' (૧૦-૩-'૩૦)

'સરકારમાંથી કંઈક હુકમ આવ્યો કે મને ખાસ કેદી તરીકે રાખવો અને સગવડ આપવી. મને જણાવવામાં આવ્યું. મેં કહ્યું કે મારે કશી સગવડ જોઈતી નથી. અહીં બધી જ વાતનું સુખ છે. આખી જેલમાં કોઈ અંગ્રેજ નથી, એટલે કોની સાથે લડવું? ત્રણેક વાગ્યે કલેક્ટર અને ડી.એસ.પી. મળવા આવ્યા. અંબાલાલ શેઠની મોકલેલી છ ચોપડી મળી. બત્તી રાખવાની રજા મળી. એટલે રાત્રે અગિયાર વાગ્યા સુધી રામાયણ વાંચ્યું. આજથી ચા, દૂધ, દહીં અને રોટીની સગવડ થઈ. તેથી પેલો વૉર્ડર બિચારો ખૂબ રાજી થયો.' (૧૧-૩-'૩૦)

- haridesai@gmail.com